# મિલિટરી કમાન્ડ્સ-1: ઈન્ડિયન આર્મી કમાન્ડ્સ




મિલિટરીમાં જેટલું મહત્ત્વ યુદ્ધ અને શસ્ત્રોનું હોય છે એટલાં તેના વ્યવસ્થાપન, સંચાલન અને વ્યૂહરચના પણ મહત્ત્વનાં હોય છે. આ બાબતે વિવિધ મિલિટરી કમાન્ડ્સની ભૂમિકા મહત્ત્વની બને છે. લશ્કરની ત્રણેય પાંખના બધા કમાન્ડ્સની પોતાની આગવી કથા છે. તેને વારાફરતી સમજવા જેવી છે. આ વખતે પહેલા ભાગમાં ઈન્ડિયન આર્મીના કુલ 7 કમાન્ડ્સની વાત કરી છે.

## 1. સધર્ન કમાન્ડ...

ઈન્ડિયન આર્મીના સધર્ન કમાન્ડ એટલે કે દક્ષિણ કમાન્ડની ઉત્પત્તિના ઈતિહાસ અને તેની સત્તાવાર સ્થાપનાની વાત કરીએ તો તેનાં મૂળિયાં છેક 1857ના પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ સુધી જાય છે. આવું એટલા માટે કહી શકાય કે 1857ના પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ પછી 1858માં જ તે સમયના એક સંસ્થાન તરીકે ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનની જગ્યાએ બ્રિટિશ તાજનું સીધું શાસન આવ્યું તેની સાથે જ તે સમયે ભારતમાં રહેલા બ્રિટિશ લશ્કરની પુનઃરચના પણ થઈ હતી. વિવિધ પ્રેસીડેન્સી આર્મીઝને ભેગી કરીને એક બ્રિટિશ ઈન્ડિયન આર્મીનું ગઠન થયું હતું. આ મુજબ મુખ્યત્વે ચાર અલગ સ્વતંત્ર કમાન્ડમાં બ્રિટિશ ઈન્ડિયન આર્મીનું વિભાજન થયું હતું: બોમ્બે(આજનું મુંબઈ), બેંગાલ, પંજાબ અને મદ્રાસ(આજનું ચેન્નાઈ.) આ પૈકી બોમ્બે કમાન્ડનું હેડક્વાર્ટર પૂણે(તત્કાલીન પૂના) રખાયું હતું. આ નવી વ્યવસ્થા 1 એપ્રિલ, 1895થી સત્તાવાર રીતે અમલમાં આવી હતી. એ પછી 1908ની આસપાસ ફરી પુનર્રચનાની પ્રક્રિયા ચાલી. જે દરમ્યાન, નવા કુલ ચાર કમાન્ડમાં બે આર્મીઝનું વિભાજન થયું. રાવલપિંડીમાં હેડક્વાર્ટર ધરાવતી નોધર્ન આર્મી અને પૂણેમાં હેડક્વાર્ટર ધરાવતી સાઉધર્ન આર્મી. 1920ના દાયકાના પૂર્વાર્ધમાં ફરીથી આ પ્રક્રિયા આગળ વધી, જે મુજબ, પૂણેમાં હેડક્વાર્ટર ધરાવતો સાઉધર્ન કમાન્ડ, રાવલપિંડીમાં હેડક્વાર્ટર ધરાવતો નોધર્ન કમાન્ડ, નૈનીતાલમાં હેડક્વાર્ટર ધરાવતો ઈસ્ટર્ન કમાન્ડ અને ક્વેટામાં હેડક્વાર્ટર ધરાવતો વેસ્ટર્ન કમાન્ડ. ઉલ્લેખનીય છે કે બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન વિવિધ પોર્ટ્સ અને એરફિલ્ડ્સની સુરક્ષા માટે તથા સંભવિત જર્મન તેમજ જાપાનીઝ હુમલાઓને પહોંચી વળવા વ્યૂહાત્મક હેતુઓ સાથે કામચલાઉ ધોરણે સધર્ન કમાન્ડનું હેડક્વાર્ટર બેંગ્લોર(આજનું બેંગલુરુ) ખાતે ખસેડાયું હતું. આઝાદીના સમયથી અને આજે પણ સધર્ન કમાન્ડ એ વ્યવસ્થાની દૃષ્ટિએ 1895ની લશ્કરી પુનઃરચનાના સમયથી આજ સુધી એક જ માળખું ધરાવતો ઈન્ડિયન આર્મીનો સૌથી જૂનો કમાન્ડ છે. ચાર ચમકતા સ્ટાર સાથેનું ત્રિશંકુ એ સધર્ન કમાન્ડની ફોર્મેશન સાઈન છે. આજે સધર્ન કમાન્ડમાં ભોપાલ અને જોધપુરમાં હેડક્વાર્ટર્સ ધરાવતી 2 કોર્પ્સનો સમાવેશ થાય છે. આ કમાન્ડની કાયમી ગોઠવણની દૃષ્ટિએ વાત કરીએ તો તેના બે ભાગ પડે છે. એક ભાગમાં, મુંબઈમાં હેડક્વાર્ટર સાથે મહારાષ્ટ્ર, ગુજરાત અને ગોવાનો સમાવેશ થાય છે અને બીજા ભાગમાં ચેન્નાઈમાં હેડક્વાર્ટર સાથે દક્ષિણ ભારતનો સમાવેશ થાય છે. આ રીતે આ કમાન્ડ 11 રાજ્યો અને 4 કેન્દ્રશાસિત પ્રદેશો સહિત દેશના કુલ વિસ્તારનો 41% હિસ્સો આવરી લે છે. સ્વાતંત્ર્યોત્તર સમયમાં સધર્ન કમાન્ડે પોતાની એક સ્વતંત્ર વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે. આ એકમાત્ર એવો કમાન્ડ છે જેણે દરિયાપારની લશ્કરી કાર્યવાહી પણ સફળતાપૂર્વક પાર પાડી છે. આવી અન્ય ઘણી સિદ્ધિઓ આ કમાન્ડના નામે બોલે છે. લેફ્ટનન્ટ જનરલ અજય સિંહ સધર્ન કમાન્ડના વર્તમાન જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ છે.

**‘ઓલ્વેઝ ઇન કોમ્બેટ’ સૂત્ર તેમ જ આઝાદી અગાઉ રાવલપિંડી ખાતે અને આઝાદી પછી વિભાજન બાદ શિમલા ખાતે હેડક્વાર્ટર ધરાવતા નોધર્ન કમાન્ડ અંતર્ગત પાકિસ્તાન અને ચીન સાથેની સંવદનશીલ લાઇન ઓફ કન્ટ્રોલ અને લાઇન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલનો સમાવેશ થાય છે**

## 2. ઇસ્ટર્ન કમાન્ડ...

હાલના પશ્ચિમ બંગાળના કોલકાતાના ઐતિહાસિક ફોર્ટ વિલિયમ ખાતે હેડક્વાર્ટર ધરાવતા ઈસ્ટર્ન કમાન્ડ અંતર્ગત તે કમાન્ડની ઉત્તર તરફ જતાં સિક્કિમ અને અરુણાચલ પ્રદેશનાં બરફાચ્છાદિત શિખરો, ઉત્તર-પૂર્વમાં નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને મેઘાલયના ઘટાદાર જંગલાચ્છાદિત પહાડી પ્રદેશો તેમ જ આસામ અને પશ્ચિમ બંગાળના કાંપવાળા ફળદ્રુપ મેદાનોવાળા પ્રદેશોનો સમાવેશ થાય છે. જો કે લશ્કરી દૃષ્ટિએ અન્ય કમાન્ડ્સના પ્રમાણમાં શાંત વાતાવરણની તુલનામાં આ કમાન્ડનું વાતાવરણ નોર્થ-ઈસ્ટમાં સતત ચાલતા એન્ટી ઈમર્જન્સી ઓપરેશન્સના કારણે ચહલપહલવાળું અને પડકારજનક રહે છે. સ્થાપના સમયથી આ કમાન્ડ ઘણા મહત્ત્વપૂર્ણ મિલિટરી ઓપરેશન્સનો હિસ્સો રહ્યો છે. જેમાં 1962નું ચીન સાથેનું યુદ્ધ તેમજ 1971નું પાકિસ્તાન સાથેનું યુદ્ધ પણ આવી જાય છે. આઝાદી પછી વિશ્વના નકશા પર ભારતને

**બોર્ડર**
કેપ્ટન શૂરવીર સિંહ

એક મજબૂત લશ્કરી શક્તિ તરીકે પ્રસ્થાપિત કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવનાર આ કમાન્ડનો ઈતિહાસ, એક રંગીન ચિત્રની દૃષ્ટિએ જોઈએ તો, તેમાં 1895ની બ્રિટિશકાળની પુનઃરચનાની છાંટથી માંડીને 1942-43 દરમ્યાનના બીજા વિશ્વયુદ્ધ દરમ્યાનના ઉતારચડાવ તેમજ 1947માં આઝાદી સાથે આવેલા રાષ્ટ્રવિભાજનની અસર પણ વર્તાય છે. લેફ્ટનન્ટ જનરલ રામચંદ્ર તિવારી ઈસ્ટર્ન કમાન્ડના વર્તમાન જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ છે. આ ઉપરાંત હોદ્દાની રૂએ તેઓ કુમાઉ અને નાગા રેજિમેન્ટ્સ તેમજ કુમાઉ સ્કાઉટ્સના કર્નલ પણ છે. ઈસ્ટર્ન કમાન્ડના દરેક સેનાપતિને તેના હોદ્દાની રૂએ આ વધારાની પોસ્ટ્સ પણ મળે છે.

## 3. વેસ્ટર્ન કમાન્ડ...

લેફ્ટનન્ટ જનરલ મનોજકુમાર કટિયાર વેસ્ટર્ન કમાન્ડના વર્તમાન જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ છે. આઝાદ ભારતના સૌ પ્રથમ લશ્કરી કમાન્ડ તરીકેનું માનભર્યું સ્થાન વેસ્ટર્ન કમાન્ડને મળે છે. 15મી સપ્ટેમ્બર, 1947ના રોજ દિલ્હી અને ઈસ્ટ પંજાબ કમાન્ડ તરીકે વર્તમાન વેસ્ટર્ન કમાન્ડની રચના થઈ હતી. વિભાજન સમયના ઘટનાક્રમથી માંડીને જમ્મુ-કાશ્મીર મુદ્દે પાકિસ્તાન સાથે થયેલા પ્રથમ યુદ્ધ સહિત બીજી ઘણી કાર્યવાહીમાં આ કમાન્ડની ભૂમિકા મહત્ત્વની રહી છે. સૌ પ્રથમ પરમવીર ચક્ર સહિત અન્ય ઘણા લશ્કરી સન્માનો સૌથી વધુ આ કમાન્ડના ફાળે ગયા છે.

## 4. સેન્ટ્રલ કમાન્ડ...

લખનઉ ખાતે હેડક્વાર્ટર ધરાવતા સેન્ટ્રલ કમાન્ડનો આરંભ 1962ના ચીન સાથેના યુદ્ધના બોધપાઠ તરીકે 1963માં થયો હતો. લેફ્ટનન્ટ જનરલ એન.એસ. રાજા સુબ્રમણ્યમ સેન્ટ્રલ કમાન્ડના વર્તમાન જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ છે. લેફ્ટનન્ટ જનરલ કુંવર બહાદુરસિંહ સેન્ટ્રલ કમાન્ડના પહેલા જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ હતા. સૂર્ય આ કમાન્ડનું પ્રતીક ચિહ્ન છે. ભારતની તિબેટ અને નેપાળ સાથેની સરહદથી માંડીને બંગાળની ખાડી સુધી વિસ્તરેલા સેન્ટ્રલ કમાન્ડ અંતર્ગત કુલ 8 રાજ્યો આવે છે, જેમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ અને ઓડિશાનો સમાવેશ થાય છે. તે સાથે આ સૂર્ય કમાન્ડ હેઠળ 13 ટ્રેનિંગ સંસ્થાઓ, 18 રેજિમેન્ટલ સેન્ટર્સ તેમ જ મોટા પ્રમાણમાં માળખાકીય સુવિધાઓ પૂરી પાડતી સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે.

## 5. નોધર્ન કમાન્ડ...

‘ઓલ્વેઝ ઈન કોમ્બેટ’ સૂત્ર તેમજ આઝાદી અગાઉ રાવલપિંડી ખાતે અને આઝાદી પછી વિભાજન બાદ શિમલા ખાતે હેડક્વાર્ટર ધરાવતા નોધર્ન કમાન્ડ અંતર્ગત પાકિસ્તાન અને ચીન સાથેની સંવદનશીલ લાઈન ઓફ કન્ટ્રોલ અને લાઈન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલનો સમાવેશ થાય છે. આ સરહદ હેઠળ સિયાચીન ગ્લેશિયર સહિતના કોલ્ડ ડેઝર્ટ્સ, સુપર હાઈ અલ્ટીટ્યુડ એરિયાઝ, પહાડ, ગાઢ જંગલવાળાં મેદાનો વગેરેનો સમાવેશ થાય છે. લેફ્ટનન્ટ જનરલ એમ.વી. સુચીન્દ્રકુમાર નોધર્ન કમાન્ડના વર્તમાન જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ છે.

## 6. આર્મી ટ્રેનિંગ કમાન્ડ...

લેફ્ટનન્ટ જનરલ મનજિન્દરસિંહ જેના વર્તમાન જનરલ ઓફિસર કમાન્ડિંગ- ઈન-ચીફ છે એવા આર્મી ટ્રેનિંગ કમાન્ડની કામગીરી અને તેનું મહત્ત્વ તેના સૂત્ર પરથી સમજાય છે: કોઈ પણ સૈનિક કે અધિકારી અપૂરતી ટ્રેનિંગના લીધે શહીદ ન થવો જોઈએ કે ઘાયલ પણ ન થવો જોઈએ.

## 7. સાઉથ વેસ્ટર્ન કમાન્ડ...

જયપુર ખાતે હેડક્વાર્ટર ધરાવતા અને લશ્કરના અન્ય કમાન્ડ્સ વચ્ચે સંકલનની મહત્ત્વપૂર્ણ કામગીરી કરતા સાઉથ વેસ્ટર્ન કમાન્ડનો આરંભ 15મી એપ્રિલ, 2005થી થયો અને 15મી ઓગસ્ટ, 2005થી આ કમાન્ડ સત્તાવાર રીતે કાર્યરત થયો. 7 પોઈન્ટ સ્ટાર એ આ કમાન્ડનો એમ્બલમ છે.



# ભ... ભૂલકણાપણા નો... ભ... મગજનું હંગામી ટેંગઅપ!

ભૂલકણાપણું એટલે મગજનું હંગામી રૅન્ચઅપ, સાદી ભાષામાં જોઈએ તો કોઈના પ્રશ્નની સામે તરત જ સ્થાન, નામ અને કામ પ્રતિક્રિયા રૂપે ત્વરિત યાદ ના આવે અને આંખો આજુબાજુમાં ફેરવ્યા કરીને એક આંગળીથી લમણે ટકોરા મારવાની ચેષ્ટા કરવા છતાં પણ ‘પેલું શું? અરે, હૈયે છે અને હોઠે નથી’ એવા વ્હીસ્પર સાથે પણ જવાબ ના આવે તો તેને ‘ગજની’પણું, મેમરી લોસ કે ડીમેન્શિયા કહેવાય છે, આ ભૂલી જવાની ઘટના આમ તો મોટી ઉંમરે આવતું એક નાનું માઈલસ્ટોન છે. ક્યારેક આ ભૂલકણાપણું તમારી જાણ બહાર ઈન્જુઅરિયસ ટુ ‘શારીરિક, માનસિક અને વૈવાહિક હેલ્થ’ બની જાય છે. અખતરો કરવો હોય તો માત્ર એક વાર તમારી વાઈફનો બર્થડે કે મેરેજ એનીવર્સરી ભૂલી જોજો.


**સ્માઈલ ઓન**
ડૉ. કિરીટ વૈદ્ય

એક વાર ચવાઈને બે વાર પચી પણ ગયેલો એક વિન્ટેજ જોક યાદ આવે છે. એક હોટલમાં એક દાદાદાદી તેમની પચાસમી મેરેજ એનીવર્સરીનું ડીનર કરતાં હતાં. દાદા તેની પત્નીને વ્હાલથી કહેતા હતા ‘‘ડાર્લિંગ, આપણી પચીસમી લગ્નતિથિએ પણ અહીં જ આવેલા. ડાર્લિંગ અહીંનું નવું એમ્બીયંસ ખૂબ સરસ છે, હની, અહીં ભોજનનો સ્વાદ પણ અફલાતૂન છે.’’ બંને કાનથી થોડા દિવ્યાંગ હશે એટલે જરા ઊંચા અવાજે વાતો કરતા હતા. બાજુના જ ટેબલ ઉપર એક નવપરિણીત કપલ તેમની ફર્સ્ટ મંથ એનીવર્સરી માટે આવ્યાં હતાં. તેમને આ સંવાદો સંભળાયા અને તેમને આ વૃદ્ધોની ઘુટરઘુ ગમી, બંનેએ એકબીજાની સામે આંખોના ઈશારાથી જ એકબીજાને આવું શીખવાનો સંકેત આપી દીધો. થોડી વારે પેલા પ્રોસ્ટેટથી પીડિત દાદા ડગુમગુ વોશરૂમ બાજુ ગયા એટલે પેલી નવોઢા તરત ઊભી થઈને પેલાં દાદીને સ્માઈલ આપીને હાય, ડેલો કરતા તેમની બાજુમાં બેસી ગઈ. તેણે પેલાં દાદીને ઉત્સુકતાથી પૂછી જ લીધું કે ‘‘આ ઉંમરે દાદા તમને ‘ડાર્લિંગ, હની’ એવાં સંબોધનોથી બોલાવે છે તો તમને બહુ ગમતું હશે. તમારા આ દીર્ઘાયુ પ્રેમાલાપનું રહસ્ય શું છે? અમને કોઈ ટીપ આપશો?’’ પેલાં દાદી હજુ તો તેમની વયજન્ય વિસ્મૃતિના લીધે વિચારીને કંઈ બોલવા જાય તે પહેલાં તો વોશરૂમથી ટેબલ બાજુ આવેલા દાદાનો પાછળથી અવાજ આવ્યો. ‘‘જો બેટા, પ્રેમ પ્રેમ તો ઠીક છે. છેલ્લાં 10 વરસથી હું તેનું નામ ભૂલી ગયો છું એટલે આવું ડાર્લિંગ અને હની જેવાં યુનિવર્સલ સંબોધન કરું છું. તેને પણ આ ગમે છે એટલે દરેક વાક્યમાં આવું ટોપિંગ કરું છું.

જેના જવાથી આપણે ઘાંઘાં થઇ જઈએ છીએ એ યાદશક્તિ બહુઅર્થી છે. પહેલો અર્થ યાદક્ષમતા કે એબિલીટી, જેમ કે કિરીટની જૂની ફિલ્મો વિશેની યાદક્ષમતા ઘણી સારી છે. બીજો અર્થ વિચાર કે શોટ. ઋતુ કહેતી રહે છે કે મારા બાળપણની ઘણી સોનેરી યાદો છે. ત્રીજો અર્થ મન, મગજ કે માઈન્ડ, જેમ કે આશાબેને ઢોસા શોટ’ની આખી રેસિપી મનમાં નોંધેલી છે અને તેને મગજથી યાદ કરીને આ ઢોસાના બોનસાઈ વર્ઝનવાળી ડીશ બનાવી જે ઈન્સ્ટા ઉપર વાઈરલ થઈ ગઈ, ચોથો અર્થ કોઈની યાદમાં કે ઈન મેમરી ઓફ ... જેમ કે સીનિયર સોફ્ટવેર ‘મધુપદ્મ’રાખ્યું, પાંચમો અર્થ છે સંગણક કે કોમ્પ્યુટરની કેપેસીટી. હાર્ડ ડિસ્કની મેમરી 560 GB કે 1.2 TB છે. આજના યુગમાં યાદશક્તિને પાંચ પ્રકારમાં વહેંચી શકાય. ૧. વર્કિંગ મેમરી - ટેલિફોન નંબર કે કોઈ એડ્રેસ જે મગજમાં રહી જાય છે. ૨. એપીસોડીક મેમરી - બર્થ ડે કે એનીવર્સરી ઉજવણીના પ્રસંગો કે જેની સાથે ઈમોશનલ જોડાણ હોય છે. 3. સીમેન્ટીક મેમરી - જેમ કે ઐતિહાસિક પ્રસંગ જે આપણે જોયો પણ નથી છતાં વર્ણનથી યાદ રહે છે. ૪. પ્રોસીજરલ મેમરી - એટલે શીખેલી ક્રિયાઓ જેવી કે સાઈકિલિંગ, સ્વીમીંગ, ડ્રાઈવિંગ જે એક વાર શીખ્યા હોઈએ તો આજીવન યાદ રહે છે. ૫. ઈમ્પલીસીટ મેમરી - જે આપણી જાણ બહાર આપણને અસર કરે છે. પેલી પ્રખ્યાત બકરાની અને ઘેટાની વાર્તા મુજબ વારંવાર ઘેંટાને બકરા તરીકે ઓળખાવતા પોતાના હાથની બકરીને પણ ખોટું માનવામાં આવે છે. મોટાભાગની વ્યક્તિને ૬ થી ૭ આંકડા તાત્કાલિક યાદ રહે છે, જે મોટા મગજની કાર્યશક્તિ છે, તાજી કે ટૂંકી મુદતની યાદશક્તિ જે તપાસવા વર્તમાન પ્રસંગો અને ઘટનાઓ વિષે પૂછવામાં આવે છે. જેમ કે છેલ્લા ત્રણ દિવસમાં શું ભોજન લીધું હતું. છેલ્લા વીકમાં કેટલાં સગાં સંબંધીઓને તમે મળ્યા. 1 લાંબી મુદતની કે જૂની મેમરી તપાસવા સ્કૂલીંગ કે કોલેજ વિશે, સગાંઓનાં નામકામ વિષે માહિતી ચકાસાય આવા પ્રશ્નો બાદ નક્કી થાય છે કે ભૂલકણાપણું ક્યા પ્રકારનું છે. મેમરી લોસના સામાન્ય કારણોમાં પહેલાંની હેડ ઈન્જરી, મોટી ઉંમરે મગજની નળીઓમાં લોહી ઓછું ફરવું, વધતી વયની સાથે મગજના ન્યુરોન્સના ઘસારાના લીધે થતા ડિમેન્શિયા કે એલ્ઝેમર જેવા રોગો, થાયામીન તત્ત્વની ઊણપ, મગજનો ચેપ કે ટ્યુમર, માનસિક દર્દીને અપાતી ઈસીંટી થેરેપી (શોક ટ્રીટમેન્ટ), ગેસ પોઈઝનીંગ મુખ્ય છે. બોલિવૂડની ઘણી ફિલ્મોમાં મેમરી લોસનો ઢોંગ પણ જેતે કેરેક્ટર કરતું હોય છે. મગજમાં કોઈ એક મેમરી સેન્ટર નથી. તે મગજના 15 જેટલા વિસ્તારોનું ટીમવર્ક છે. થેલેમસ એ જનરલ ગેઈટકીપર છે. ફ્રન્ટલ લોબ પાસે શીખવાનો, યાદ રાખવાનો અને જરૂર પડે તો તે રીટ્રીવ કરવાનો જનરલ એક્સ્ક્યુટીવ પાવર હોય છે. મગજને મળેલી કે મેળવેલી માહિતી તેના જુદા જુદા એરીઆની એક કોસ્ટલ રાઈડ લે છે. આપણે જો જોઈએ તો તે મગજના વિઝ્યુઅલ એરીઆમાં, જે સાંભળીએ તે ઓડીટરી એરીઆમાં બધું સંચય થતું જાય છે, જ્યારે જરૂર પડે ત્યારે મગજની ચેતાતંત્રની નસો વડે માહિતી રીટ્રીવ થઈને એ એક્ઝિબિટ થાય છે. મોટાભાગનાં લોકો તેમની બાલ્યાવસ્થાની ઘટનાઓ ભૂલી ગયા હોય છે પણ તેમના પેરન્ટસ વડે તેમના બાળપણના પ્રસંગોના વારંવાર ઉલ્લેખ થતાં હોવાથી તેમને તે યાદ રહી જાય છે. અત્યારે તો જન્મથી બાળકના ફોટો અને વિડિયો લેવાતા હોવાથી અને તેમને એ વારંવાર બતાવતા હોવાથી બાળપણ યાદ રહે છે. ભૂલ ભૂલથી ભૂલી જવું એ માફ છે પણ કોઈ અવાંછનીય પ્રસંગને મનમાં દાબી રાખીને ભવિષ્યમાં બદલાની આશાએ યોગ્ય સમયે યાદ કરવું એમાં વેરઝેર અને બદલાની બૂ આવતી હોય છે. બોલિવૂડમાં મેમરી લોસ ઉપર ‘ગજની’, ‘ભૂલા ના દેના’ અને ‘ભુલભુલૈયા’ જેવી ફિલ્મો બની છે પણ ઘણી ફિલ્મોમાં હીરો કે હિરોઈનને માથામાં વાગ્યા પછી યાદદાસ્ત ચાલી જાય છે અને કલાઈમેક્સમાં ફરી હેડઈન્જરી બાદ યાદદાસ્ત પાછી આવે છે. કમલહસન અને શ્રીદેવી વાળી ફિલ્મ ‘સદમા’માં રીવર્સ મેમરી લોસનું અદ્ભુત નિરૂપણ છે. આમ ભૂલકણાપણું અવસ્થા પણ છે, બીમારી પણ છે, માનવીય પણ છે અને આદત પણ છે.

**મોટાભાગનાં લોકો તેમની બાલ્યાવસ્થાની ઘટનાઓ ભૂલી ગયા હોય છે પણ તેમનાં પેરન્ટસ વડે તેમના બાળપણના પ્રસંગોના વારંવાર ઉલ્લેખ થતાં હોવાથી તેમને તે યાદ રહી જાય છે**

# સૃષ્ટિનું સર્જન.. અકસ્માત કે આયોજન..?



માણસ કેવી રીતે જન્મે છે તેનું જ્ઞાન માણસને પ્રાપ્ત થઈ શક્યું છે પણ તે શા માટે જન્મે છે તેનો જવાબ હજી તેને જડ્યો નથી. પ્રશ્ન થાય છે ગર્ભાશયમાં સ્ત્રી-પુરુષના બીજના સંયોજન વડે ગર્ભધારણની પ્રક્રિયા થવી એ કામગીરી કોની છે? કોણ ઈચ્છે છે કે સ્ત્રી પુરુષના મિલનથી પ્રજોત્પત્તિ થવી જોઈએ? બલ્કે એથી ય મહત્વનો પ્રશ્ન એ છે કે માણસે શા માટે જન્મવું જોઈએ માણસ ન જન્મે તે કોને પરવડે એમ ન હતું? સદીઓથી સ્ત્રીનું ગર્ભાશય સ્વયંસંચાલિત યંત્રની જેમ પ્રજોત્પત્તિ કરતું રહ્યું છે એ ઘટના પાછળ કોનો હાથ છે..? માણસે આવા ઘણાં પ્રશ્નનો તાંતણો પકડી મૂળ સુધી પહોંચવાની કોશિશ કરી છે તે આખા પ્રોસેસમાંથી શ્રદ્ધા અને સાયન્સનો જન્મ થયો છે. પુરુષો કરતાં સ્ત્રીઓનું દૈહિક બંધારણ નાજુક અને સૌંદર્યમંડિત હોય છે. સ્ત્રી કરતાં પુરુષ દૈહિક રીતે થોડો સખત અને સ્વભાવે બરડ હોય છે. બન્નેના દેખાવથી લઈને પ્રકૃતિ અને મનોશારીરિક લક્ષણો વચ્ચે આટલો ગાઢ તફાવત શા કારણે છે? કોણે રાખ્યો છે એ તફાવત? એવી ભિન્નતા રાખવાનો આશય શો હોય શકે? પુરુષોને બરછટ દાઢી આપી અને સ્ત્રીઓનો ચહેરો કોમળ બનાવ્યો; શું એ કેવળ એક અકસ્માત હશે? સ્ત્રી થકી બાળકનું પેદા થવું એ સ્વયંમ્ એક અદ્ભૂત અને ઐશ્વર્યમય ઘટના છે (અલબત્ત વસ્તિવિસ્ફોટને કારણે ઉદ્ભવેલી ગંભીર પરિસ્થિતિને કારણે હવે એ પ્રકારના ઐશ્વર્યનો આપણે ઈન્કાર કરવો રહ્યો. (એવી નાસ્તિક્તામાં જ માણસ જાતનું ભલું છે!) સૃષ્ટિમાં રોજ બરોજ એવી ઘટનાઓ બને છે જેમાં માણસને પરમેશ્વરનો પરિચય થાય છે. કેટલાંક સાધારણ પ્રશ્નો જોઈશું તો સમજાશે કે સૃષ્ટિનું સર્જન કરનાર કોણ છે તે આપણે જાણતા નથી પણ તેની પ્રત્યેક રચનામાં બુદ્ધિપૂર્વકનું આયોજન જોઈ શકાય છે. જેમકે બાળકના જન્મની જવાબદારી સ્ત્રીને માથે નાખીને પુરુષોને સ્તન આપ્યાં હોય એવું અળવિતરું એણે કર્યું નથી. બીજો પ્રશ્ન એ છે કે સ્ત્રી પુરુષ ભેગા થવાથી શા માટે બાળક પેદા થાય છે..? શરીર વિજ્ઞાન બાળક પેદા થવાની તમામ કુદરતી પ્રક્રિયાનો તાગ મેળવી શક્યું છે. બલ્કે હવે તો વિજ્ઞાને કુદરતી પ્રક્રિયાઓનું અનુકરણ કરીને ટેસ્ટટયૂબ બેબી પેદા કરવામાં પણ સફળતા મેળવી છે. પણ બાળકો શા માટે પેદા થાય છે તેનો જવાબ હજી વિજ્ઞાન શોધી શક્યું નથી. ઋતુ ઋતુઓના મોસમી પરિવર્તનો અને પ્રકૃતિની અદ્ભુત લીલાઓ જોતાં એવું અવશ્ય લાગે છે કે આ બધું કશા કારણ વિના, આકસ્મિક રીતે બનતું નથી. કોકની બુદ્ધિ એમાં વપરાઈ છે. દોસ્તો, સર્જનહારના અદ્દલસ્વરૂપનો ખ્યાલ આવતો નથી પણ માણસની પ્રત્યેક શોધમાં ચોક્કસ કાર્યકારણના વૈજ્ઞાનિક સિદ્ધાંતો સમાયેલા હોય છે. તે રીતે સૃષ્ટિના સર્જન પાછળ પણ કોઈનું ભેજુ વપરાયુ હોય એવું જણાય છે. જેમકે ઠંડી, ગરમી, વરસાદ જેવી ઘટનાઓ જ નહીં, હવા, પાણી, ખોરાક, ઓક્સીજન જેવી અનેક જીવન જરૂરિયાતોની ઉપલબ્ધતા વિના શક્ય નથી. એ કોઈનું વ્યવસ્થિત આયોજન છે. નહીંતર સદીઓથી માણસ જાત વ્યવસ્થિતપણે જન્મે છે અને મરે પણ છે છતાં અકસ્માતે કોઈ માણસ ત્રણસો વર્ષ કેમ જીવી જતો નથી..? કોના અદ્રશ્ય દોરી સંચાર વડે આવી ચોક્કસ કામગીરી પાર પડે છે?? એ કીમિયાગર કોણ છે? ક્યાં છે..? કેવી રીતે તે આ બધું કરે છે? શા માટે કરે છે..? કરે છે તો તે દેખાતો કેમ નથી? એવા અનેક પ્રશ્નો બૌદ્ધિકોને થાય છે જે કદાચ સદીઓ સુધી અનુત્તર રહેવાના છે કેમકે ઈશ્વર પોતે જ એક “અનઆન્સરેબલ ક્વેશ્ચન” છે. વિજ્ઞાને અનેક ક્ષેત્રોમાં અસાધારણ પ્રગતિ કરી છે પણ હજી ઘણાં ક્ષેત્રોમાં ઈશ્વરનો એકહથ્થુ ઈજારો રહ્યો છે. માણસે અત્તર બનાવ્યું પણ એ અંતર બનાવી શક્યો નથી. માણસ હજાર ગણા સારા કૃત્રિમ હાથપગો બનાવી શકે છે પણ તેમાં કુદરતી અંગો જેવી સ્પર્શ અનુભૂતિ હોતી નથી. કોઈ

**જીવન સરિતાને તીરે**
દિનેશ પાંચાલ

કોલેજ કન્યાના હાથ પર તેનો પ્રેમી ચુંબન કરે છે ત્યારે તે છોકરીના રુંવાડા ખડા થઈ જાય છે. પણ એ હાથ લાકડાનો હોય તો એવું થઈ શકે ખરું? કબીરજીની એક પંક્તિનું સ્મરણ થાય છે: “કસ્તુરી મૃગમેં બસે.. મૃગ ઢૂંઢે બનમાંહી.. વૈસે ઘટ ઘટ રામ બિરાજે.. દુનિયા દેખે નાહીં..!” જોકે કબીરજીએ ઉપર્યુક્ત વાત ધર્મના દષ્ટિકોણથી કહી છે પણ વિજ્ઞાનના દષ્ટિકોણથી યે એ વાત એટલી જ સાચી છે. કબીરજી કહે છે કે ‘માણસ ઈશ્વરની શોધ માટે નાહક બહાર ભટકે છે. ભગવાન તેની નસેનસમાં ધબકે છે. સ્વામી સચ્ચિદાનંદજીએ કહેલી વાતથી પણ આ મુદ્દો ઠીક રીતે સમજી શકાશે. સ્વામીજી કહે છે: “કોઈ ડૉક્ટર કદી નાસ્તિક ન હોય શકે કેમ કે તે દેહની ભીતર પહોંચી કુદરતના દરેક ફંક્શન નજરો નજર નિહાળે છે. હૃદયની ધડકન.. રૂધિરાભિસરણ, શ્વાસોશ્વાસ, ખોરાકનું પાચન અને તેના સત્વોનું દરેક અંગોમાં પહોંચવું.. એ તમામ ઘટનાના મીકેનિઝમમાં ઈશ્વરને બહુ નજીકથી જોઈ શકાય છે. માણસનું હૃદય એ ઈશ્વર નામના એન્જીનીયરે બનાવેલી અત્યંત અદભુત ડિઝાઈન છે. વિનોબા ભાવે કહેતા: (જુઓ ધૂપછાંવમાં)

**પુરુષો કરતાં સ્ત્રીઓનું દૈહિક બંધારણ નાજુક અને સૌંદર્યમંડિત હોય છે. સ્ત્રી કરતાં પુરુષ દૈહિક રીતે થોડો સખત અને સ્વભાવે બરડ હોય છે. બન્નેના દેખાવથી લઈને પ્રકૃતિ અને મનોશારીરિક લક્ષણો વચ્ચે આટલો ગાઢ તફાવત શા કારણે છે?**

### -:: ધૂપછાંવ ::-

“જો આપણને હાથ, પગ, અને મોંમાથાવાળા ઈશ્વરની અપેક્ષા ના હોય તો પ્રકૃતિમાં ચોમેર પ્રભુના દર્શન થઈ શકે છે..!”

- વિનોબા ભાવે